**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. I-૪-૨૦૧૫-૧૬**

અરજદાર: સાહીદાબીબી એસ.સૈયદ,
મુ.: ૩૧,અશરફનગર સોસાયટી જુના બજાર, કરજણ ,
જી.: વડોદરા.

રજુઆત કરનાર: ગેરહાજર

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કરજણ-૨ સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી ડી.જી.જેઠરા, નાયબ એન્જીનીયર, કરજણ – ૨ સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૦૭.૦૩.૨૦૧૫ના રોજનીવધુ પડતા બીલ અંગેની ફરીયાદનો અસ્વીકાર કરવા બાબત.

તા.૨૪.૦૪.૧૫ ,તા.૦૮.૦૫.૧૫ અને તા.૨૧.૦૫.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરિયાદ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ સુનવણી રાખવા આવેલ જેમાં ફરિયાદી ત્રણે મુદતમાં ગેરહાજર રહ્યા.સામાવાળા તરફે નાયબઇજનેર ડી.જી.જેઠરા,મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,કરજણ-૨ સબ-ડિવિઝન તરફે તા. ૨૪.૦૪.૨૦૧૫ ના રોજ હાજર રહ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરીયાદને ત્યાં લગાવેલ ઇલે.મીટર નં.એમજીએસ-૧૩૯૬૫૭ વધુ પડતુ ફાસ્ટ ચાલતું હતું તેથી નિયમ મુજબ મીટર ચકાસણી ની કાર્યવાહી કરવા તા.૦૪.૦૩.૧૪ના રોજ રૂબરૂ માં સાંજે ૪ વાગ્યે અરજી કરેલ.પરંતુ નાયબ ઇજનેર શ્રી જેઠરા સાહેબે અરજી સ્વીકારવાનો તેમજ ફોલ્ટી ઇલે.મીટરની ચકાસણી ફી ના કેટલા નાંણા જમા કરવવાના છે? તે અંગેનો લેખિત જવાબ આપવાનો ઇન્કાર કરેલ.

૨. ફરીયાદીની તા.૦૪.૦૩.૧૫ના રોજ માહે-જાન્યુ. ફેબ્રુ.૨૦૧૫ના માસનું વીજ વપરાશનું બીલ રૂા.૧૧,૨૩૨.૨૫ પૈસા આવેલા જે વધુ પડતુ અને ગેર કાયદેસર હોય ફરીયાદીએ મીટર દૂર કરવા અને એકયુ.ચેકથી મીટર ચેક કરવા સામાવાળાને જણાવેલ અને જો મીટર ફોલ્ટી જણાયતો વીજ બીલમાં યોગ્ય ઘટાડો કરી આપવા માંગણી કરેલ નાયબ ઇજનેરશ્રી જેઠરા સાહેબે જણાવેલ કે વીજ બીલના પુરે પૂરા નાંણા ભરપાઇ કરશો ત્યારબાદ જ ફોલ્ટી ઇલે.મીટર ના ટેસ્ટીંગ ફી ના નાંણા સ્વીકારવાનું જણાવેલ

૩. તા.૧૪.૦૩.૧૫ના દિવસ અગાઉ ફરીયાદીના ફોલ્ટી ઇલે.મીટરના ટેસ્ટીંગની નિયમ મુજબની કામગીરી તત્કાળ થાય અને વીજ બીલના નાણા અંગે પુનઃવિચારણા કરવાના યોગ્ય પગલા લેવા અરજ કરેલ છે.

૪. ફરીયાદીએ તેઓને અપાયેલ થ્રી ફેઇઝ વીજ જોડાણ રદ્દ કરીને રહેણાંક હેતુ ના વીજ જોડાણનું ઇલે.મીટર જોડી આપવામાં આવેલ તેવી માંગણી અનેક વાર મૌખિક માં સામાવાળાને કરેલ છે.પરંતુ સામાવાળાએ જણાવેલ કે થ્રી ફેઇઝ જોડાણ એક વર્ષ પછી જ રદ્દ કરવામાં આવે છે.જેથી થ્રી ફેઇઝ જોડાણ રદ્દ કરીને સિંગલ ફેઇઝનું ડોમેસ્ટીક વીજ જોડાણ આપવા માંગણી કરેલ છે.

ફરિયાદીને તા.૨૪.૦૪.૧૫ ,તા.૦૮.૦૫.૧૫ અને તા.૨૧.૦૫.૨૦૧૫ નારોજ હાજર રહેવા નોટીસ બજાવવા છતા ફરીયાદી એક પણ મુદતમાં હાજર રહેલ નથી.ફરીયાદીને હાજર રહેવા નિયમ મુજબ ત્રણ તક આપવામાં આવેલ છે.પરંતુ એક પણ મુદતમાં ફરીયાદી હાજર રહેલ નથી.તેથી ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીની લેખિત ફરીયાદ અરજ તેમજ તે સાથે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાના આધારે ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે.

સામાવાળા તરફે શ્રી ડી.જી.જેઠરા તા.૨૪.૦૪.૨૦૧૫ ના રોજ હાજર રહયા અને રજૂઆત કરી કે ફરીયાદી વધુ પડતા બીલ માટે તા.૦૪.૦૩.૧૫ના રોજ અમારી કચેરીએ આવેલ ત્યારે તેમને જણાવવામાં આવેલ કે મીટર ટેસ્ટીંગ માટે રૂ.૩૦૦ તથા સર્વિસ ટેક્ષ.૧૨.૩૩ ટકા એટલે કે રૂા.૩૩૮ ભરવા જણાવેલ પરંતુ તે સમયે કેશ બારી નો સમય પૂર્ણ થવાથી કેસ બારી બંધ હોઇ ફરીથી આવવા જણાવેલ અને તે સમયે ફરીયાદીએ ટેસ્ટીંગ ફી માટેની લેખિત માહિતી માંગેલ ન હતી અને ફરીયાદીને જણાવેલ કે ટેસ્ટીંગ ફી ભરવાની છે તેની રસીદ આપવામાં આવશે.વધુમાં સામાવાળાએ રજૂઆત કરેલ છે કે હયાત થ્રી ફેઇઝ વીજ જોડાણ મે-૨૦૧૪ માં આપેલ હોય કંપનીના નિયમો અનુસાર બે વર્ષ સુધી જે તે લોન ચાલુ રાખવો પડે હાલમાં જો લોડ ઘટાડો કરવો હોય તો બે વર્ષનો મીનીમમ ચાર્જ ભરવો પડે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા અને પક્ષકારને સાંભળયા તથા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી અને એ નિર્ણય પર આવ્યા કે સામાવાળાએ ફરીયાદી પાસેથી મીટર ટેસ્ટીંગ ફી ના રૂા. ૩૩૮ ભરાવેલ છે.જે જીઇઆરસી નોટીફીકેશન -૨ (૨૦૦૫) ના કલોઝ નં.૪.૧.૧૫ મુજબ બરાબર છે તથા નિયમ મુજબ વીજ જોડાણ મેળવ્યાના બે વર્ષની અંદર વીજ લોડ ઘટાડી શકાય નહી અને જો ઘટાડવો હોય તો ગ્રાહકે બે વર્ષ માટેનું મિનીમમ બીલ ભરવું પડે તેથી સામાવાળાએ વીજ લોડ ઘટાડો કરેલ નથી તે ન્યાયી અને વ્યાજબી છે.તેમ ઠરાવીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

ફરિયાદીશ્રી સાહીદાબીબી એસ.સૈયદ,મુ.: ૩૧,અશરફનગર સોસાયટી જુના બજાર, કરજણ,જી.: વડોદરાનાને હુકમ કરવામાં આવે છે કે સામાવાળાએ ફરિયાદી પાસેથી મીટર ટેસ્ટીંગ ફી ના નાંણા વસૂલ કરેલ છે. તથા વીજ લોડ ઘટાડેલ નથી તે યોગ્ય અને બરાબર છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.